ૐ

પ્રવિણા વિલાસી.

દોહરો

પહેલી પ્રત ઝટપટ ગઈ બીજી થઇ તૈયાર
છોડો દુરગુણ દુષ્ટને સદ્‌ગુણ લ્યો હથીયાર.

રચી છપાવી પ્રગટ કરનાર.

અંબાલાલ જેશંકર પંડયા.

માંડવીની પોળ—અમદાવાદ.


સંવત ૧૯૭૨ સને ૧૯૧૫

આવૃત્તિ ૨ જી પ્રત ૨૦૦૦.

અમદાવાદ—ખેનાસાને ચકલે ધી નટવર પ્રીન્ટીંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ ઓડીઆળાએ છાપી.

મૂલ્ય ૦—૧—૦.

વિષયોની અનુક્રમણીકા.



કળીકાળને હોટલનો
અભીલાખ.

(રાગ—શંકર વસે કૈલાસમાં.)

હાંલીમાં નથી ધેંસ ઓરવારે, (પણ) પડ્યો ચાહનો સ્વાદરે. હાંલી૦
કલાકે કલાકે બીડિયોરે, ત્રણ કલાકે ચાહરે;
ખોખુ થયુ ક્ષય રોગનું, કરી જીવતાં દાહરે. હાંલી૦
ત્રણ આનાની ચાહ બીડીયોરે, અરધા આનાનાં પાનરે;
ઘંટી ચાટે ઘરનાં છોકરાં, નથી ખાવાને ધાનરે. હાંલી૦
અત્તર ફુલેલ ને આરસીરે, માંથે આંબળાનું તેલરે;
આગળ છોગુ પાડે પાંથીઓ, તન દારૂથી રંગ રેલરે. હાંલી૦
ખોખુ થયુ ક્ષય રોગનુંરે, તેણે પહેર્યું ખમીસરે;
અકડ અસ્ત્રીબંધ લુગડાં, કહે વેલ વેલ ઘીસરે. હાંલી૦
બુટ સ્ટોકીંગ ના ઉતરેરે, ફરે ઘરમાં કે બહારરે;
આડંબર ઇંગ્લીશ રીતનો, કરે બીસકુટ અહારરે. હાંલી૦
હોટલ તો હૈયાનો હાર છેરે, બીડી છાતીનું તેજરે;
ચાહ ચક્ષુનો બંધવો, હોટલ છે છેને છેજરે. હાંલી૦

સવૈયા બત્રીસા એકત્રીસા.

હે ગુજરાતી ગુર્જરમાંથી શૌર્ય ગયું છે શાનાથી,
દારૂએ તો દાટજ વાળ્યો બીડી બાડી ચહાનાથી;
દુખના કુચા પીને બેઠા પહેર્યા ચરમાં મળીયું માન,
માંખણમાંતો મીશ્રીત પેહું હૈયુ બળતું હીંદુસ્થાન. ૧
ધર્મ કર્મને વાદજ પડાઓ કરમે લગામ ઝાલી છે,
ધમકીથી તો ધર્મજ નાઠો હોટલ હૈયે વહાલી છે;
તાડી પીવા તતપર થઇને મુક્યું સર્વ ભણેલું ગ્નાન,
રસ્તા મહીં રડવડતા દીસે હૈયુ બળતું હીંદુસ્થાન. ૨
સોડાવોટર સારૂં લાગે લીમલેટમાં લાગ્યું છે ચીત્ત,
સવાર સાંજે શરબત ભાવે બીસકુટ આગળ અંધોભીત;
આવી રીતી સીખ્યા તેથી ભાવે નહીં કંઇ ઘરમાં ધાન,
લાલચુમ આંખોથી મહેકુબ હૈયુ બળતું હીંદુસ્થાન. ૩
ચાહ બીડીમાં ઝાઝી પ્રીતિ દુધ તણું લેતો નહીં નામ,
હોટલમાં હૈયું હરખ્યું છે ગુર્જરનું તો પીને જામ;
સૌર્ય ગયું છે ગુર્જરનું તો બીડી ચાહને આવે પાન,
દીસા બીજી સુઝે નહીં કંઇ હૈયું બળતું હીંદુસ્થાન. ૪
જીંજીર ટૉનીક જોર કરીને જુવાન નરને ખેંચે છે,
પીકમીઅપ પીવાને કાજે પૈસા પાકીટ વેચે છે;
લીથીયા મહીં લડબડીયાં ખઇને લહેરી રહે છે ખુબ ગુલતાન,
રાસબરી રસવાળી લાગે હૈયુ બળતું હીંદુસ્થાન. ૫
કાળા ડચુકે થસ્ટો કીધું કોલ્ડ ડ્રીંકસ માગે આવી,
આઇસક્રીમ આનંદે ભાવે લ્યોને દુખના કુચા ચાવી;

ઓછી રોજી આવા મોજી કેમ રહો છો હે હેવાન,
સર્વ રળેલું ગયું હોટલે હૈયુ બળતું હીંદુસ્થાન. ૬
આખો દીવસ રળીરળીને હોટલ કાજે કીધું દામ,
સદા સાટાં કરી કમાયા હોટલમાં લીધો આરામ;
બનાવટી બ્રાહ્મણના હાથે ભજીયાં ખાતા ભુલતા ભાન,
ખમણ કચોરી ખુબ લઇ ખાતા હૈયુ બળતું હીંદુસ્થાન. ૭
ડબલ સીંગલ કોકો કોફી ઓર્ડરથી આવી મળતી,
ટેબલ ઉપર ટોપી મેલી પીવા માંડે છે વળતી;
ટેબલ હેઠળ લાંબા ટાંગા પુંછ હલાવે જેવું શ્વાન,
હલાવતા પગ તેવી રીતે હૈયુ બળતું હીંદુસ્થાન. ૮

લાવ અલ્યા બીસકુટ ઓ બુડથલ પૈસા એક તણું મુજ માટ,
આધીન સેવક હાજર કરતા જોઈ રોફનો ખોટો ઠાઠ;
ચાહમાં બોળી બીસકુટ ચાવે શીખામણ ધરતા નહીં કાન,
એઠું જુઠું અળગું મુક્યું હૈયુ બળતું હીંદુસ્થાન. ૯
આરીસા અંદર આખા દીલના દેખાવો તેને દેખાય,
ચહા પીતાં ફાડેલું મોઢું હૈડું તે દેખી હરખાય;
પરીક્ષા પડીયાંની કરતા બેઠો હોટલનો મેમાન,
વાંકું ચુકું ખસી ગયેલું હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૦

બુટ કાઢવાની છે બાધા રાખી છે ઇંગ્રેજી રીત;
હીંદુ થઇને થયો બબરચી રાખીને હોટલમાં ચીત્ત;
ભણ્યા ગણ્યામાં પૂરો પડીયો બોલીનો દીસે ગુણવાન,
સાહેબજી સાહેબજી કહેતો હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૧
ચહાને પીતાં મુછો બગડે રૂમાલ તેને લોવાનો,

બીસકુટનું બચકુ ખઇ ઉઠયા હાથ નથી કંઇ ધોવાનો;
રૂમાલ પાણી રૂમાલ લોટો લુવે રૂમાલે નાકને કાન,
બીસા અંદર એંઠો ધાલે હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૨
બઇબંધોની ટોળી ઉંચ નીચ જ્ઞાતીની ભેગી થાય,
એક ડુલે તો સઘળા ડુલે તેવી રીતે પાછળ જાય;
પાણી પીને પૈસા આપ્યા પણ ન રાખ્યું ચીત્તનું ભાન,
આવક કરતાં જાવક ઝાઝી હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૩
પરસેવો વાળીને પૈસો ભેગો કરતાં આવે જોર,
ખોટે રસ્તે તે નાણાને હાથે કરીને નાખે ઢોર;
ઘરની બૈરી બાંટા પાડે ઉછેદીયા નહી ઘરમાં ધાન,
વ્યસની તો વળગી રહે વ્યસને; હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૪
નવાં લુગડાં બાળક માટે લાવે પણ પાસે નહી દામ,
ઊધાર ઉછીનુ લાવી લાવી ચલવે એતો ઘરનું કામ;
મુદ્દલનું તો બ્યાજ થયુ બહુ તોએ ફરી ગયું કયાં ભાંન,
હોટલ હેએથી નહીં અળગી હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૫
ઘરની બૈરી ઘંટી ચાટે વેશ્યા પહેરે સારાં ચીર,
ખરા ગુરૂને ખાવાનું નહીં લુચ્ચા ખાતા પુરીયો ખીર;
જો કોઈ શીખામણુની વાતો કહે તો તેનો લે એ જાન,
બુદ્ધા ગણીયા બેલ બરોબર હૈયુ બળતું હીંદુસ્થાન, ૧૬
હે ગુજરાતી આ ગુરજરનું નાણું સરવે મીથ્યા જાય,
ઉંધે રસ્તે નાણું નાખી અભાગીયા જન ખુસી થાય;
નાના બાળક ભણાવવામાં રાખે નહીં એ પોતે ભાન,
ફરે બીજાને પોતા જેવા હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૭

ગઝલ.

સુધારે તો થશે સારી, જગતની આ દસા બુરી;
કુધારે તો બગડવાની, બધી દુનિયાં સૂરી પૂરી.
ઘણા વિદ્વાન વિદ્યાને, ભણેલા તે ગણે નહીં જો;
ઘણા હુંશીયાર હુંશીયારી, મુકીને ચાલતા નહીં જો.
ઘણા ધનવાન ધનનાથી, ધરમને તો મુક્યો આઘો,
ઘણા ડાહ્યા ડહાપણુમાં, તમે સીદ ભીખને માગો.
અરે હે આર્ય ! શોખીલા, બીડી ચાહ પી થયા ઢીલા;
ગયું દૈવત હોટલે, ખરી હોટલની લીલા.

અરે ચસ્મા તમે પહેરી, ચતુરાઇ મુકી આવ્યા;
કીડી માંખો ને મકોડા, ચહા તેનો પીને આવ્યા.
બધો કચરો થયો ભેગો, પીનારો દેખતો નહીં જો;
વળી દુધો પીધા વાસી, ભમે છે ચીત્ત તો નહીં જો.

ઘણા પ્યાલા રકાબીમાં, પીનારા પી ગયા પાણી;
દીસે છે દેખીતી એંઠી, તસે લ્યો શાદને તાણી.
અરે ગુર્જર તમે ઘેલા, થઇને ધર્મ ખોળો છો;
બીજાએ રાખ ચોળી છે, તમે શીદ રાખ ચોળો છો.

ઘણા પોરા મુવેલા તે, કુચા ભેગા ગળ્યામાં છે;
ટીલુ તાણી પીધું પાણી, ભગત તો નહીં ભળ્યામાં છે.
નહીં અફસોસ એંઠાનો, તને કંઇ લાગતો દીસે;
કહેનારા કહી લ્યોને, પીનારા તો જરૂર પીસે.

હીંદુઓનો ખોટો ઠાઠ.

ઓછું ભણતર ખોટો ઠાઠ, તે દેખી થાતો ઉચાટ,
ઓછું નાણું   ॥   ॥
ઓછી બુદ્ધિ   ॥   ॥
ખીસાં ખાલી   ॥   ॥
ઓછી રોજી   ॥   ॥
વાદે વાદે   ॥   ॥
સંગે સંગે   ॥   ॥
રંગે રંગે   ॥   ॥
ચોરી કરીને   ॥   ॥
નહીં ઉદ્યમને   ॥   ॥
લાંબા જોડે ટુંકો જાય, મરે નહીં ને માંદો થાય;
સોબતનો લાગે છે રંગ, પાછળથી ઓછો ઉમંગ.
અછકલો ઝાઝો છલકાય, બીજાને દેખી મલકાય;
સીદને માથે ઘાલો ધૂળ, પ્રથમ જુઓ તમારૂં મૂળ.
ખાવા માટે ઓછું ધાન, બીજાનું દેખીને તાન;
બીજે ઘોડીનો છે સ્વાર, પોતાને ગદ્ધી તૈયાર.
હાથે મુર્ખ બનો હેવાન, રળવાનું રાખોને ધ્યાન;
ભણે એટલે બનતા મીર, નવ ભણ્યુ કે બને ફકીર.

રાગ–મોરમનો—મરસીયા છંદ.

હાય હાયરે હોટલે હીંદુ વટાળીયા, હોટલે હીંદુ વટાળીયારે હાય.
નાના મોટા સ્ટુડંટો ફટાડીયા–રે હાય૦
મા ને બાપો નીશાળે મૂકે, છાનો બીડી હોટલોમાં ફુંકે;
આવો અવસર ભણ્યાનો ચુકેરે–હાય૦ ૧
મારે નીશાળમાં મહેતો, મોડું ખાવાનું થયું તું કહેતો;
માને બાપે મુકયો છે વહેતો–રે હાય૦ ૨
કરવા માંડી સ્ટુડંટોએ ચોરી, ઊંધે રસ્તે હોટલો ગઇ દોરી;
દહાડે દહાડે વધી ભક્ઝની તોરી–રે હાય૦ ૩
મા ને બાપો જાણે ભઇ ભણે છે, ભાઇ હોટલોમાં ચા લણે છે;
એતો રજાના દીવસ ગણે છે–રે હાય૦ ૪
આપે ચોપડીઓને ફીનું નાણું, તેમાંથી ખાય હોટલમાં ખાણું;
પણ અંતે મા બાપે જાણ્યું–રે હાય૦ ૫
કેમ નથી લાવ્યો અલ્યા બુકો, મારવાને તો દીધો નાકુકો;
કહે ચાહ પીથી બીડીયો ફુકયો–રે હાય૦ ૬
હોટલ અંદરથી તો ન વીસારે, ગમે તેવું મહેતા તેને મારે;
વાડી બગીચે બેસવું ધારેરે–હાય૦ ૭
બાપ કરે પૈસાની ખુવારી, બાઇને હોટલો લાગી છે સારી;
મહેતો થાકયો એને મારી મારીરે–હાય૦ ૮

(રાગ—શંકર વસે કેલાસમાં.)

હોટલે પૈસા હડાવીયારે, કરી સૌને ગુલતાનરે. હોટલે૦
અભણુ ભણ્યાના માલનેરે. કેરો ખોતરીને ખાયરે;
ભણેલાને ભરમાવીયા, પાઇ બીસકુટ ચાયરે. હોટલે૦

મોટા શાહુકારના છોકરારે, નથી નાણુંની ભીડરે;
ટમ ટમે ચાહ કારણે, પડયાં ખેતરમાં તીડરે. હોટલે૦
ભજીયાં પુરી ને પાંદડાંરે. તેની લાગે મીઠાસરે;
કેમ સાહેબ કાંઇ જોઇએ! આગળ ઉભા રહે દાસરે. હોટલે૦
દુધ પીવાનું કર્યું દૂર તેગે, ચાનો ચાખીને સ્વાદરે;
ઘરમાં નારીને ચા જોઇએ, લીધો સ્વામીનો વાદરે. હોટલે૦
ઘણી મુશીબતે મેળવ્યુંરે, પાઇ પાઇ કરી ધનરે;
ઘણો પરસેવો વાળીઓ, ફર્યો શહેરો ને વનરે. હોટલે૦
ભંગીને ભાંગના ઘેનથીરે ઘણો વાધે આનંદરે;
અફીણુ અફીણી ખાય છે, તેવો હોટલનો ફંદરે. હોટલે૦

હરીગીત છંદ ચાલ.

ગુજરાતની જે માતને જાણી તમે મુકી દીધી,
જે દુધથી દહીં ઘી બને તે મુકી ચાહ બીડી પીધી;
શીખંડ બાસુદી અને માખણ ઘણું માવો બને,
બરફી બને પેંડા બને એ ચીજ ભાવે છે મને. ૧
જે દુધનો દુધપાક ને ઘારી બને સારી ઘણી,
કઢી છાશથી પીવી ગમે હે વિશ્વના મોટા ધણી;
આવી રીતેના સુખને મુકી જવાનું હોટલે,
બીડીથી હૈયું બાળીને પૈસા ટકા ખુટે ભલે. ૨
ચાને બીડીમાં ભાવ છે દુધ દહીં બીચારૂં શું કરે,
બીસકુટ ચહાની બહાર છે ત્યાં વેણુ કાને શું ધરે;

ઘરમાં બીચારો નાહીને ટાઢે મરે છે તરફડી,
તો દાળને ચોખા મળે ગેટી મળે છે તે ઘડી. ૩
વળી વેદને વેદાંત વાંચી શાંત મનને ના કર્યું,
વાચ્યું રહ્યું છે પોથીમાં પણ હોટલે હૈયું ધર્યું. ૪

લલીત છંદ.

અરર હે પ્રભુ ! શું કર્યું તમે, પરમ દુઃખમાં ડુબીયા અમે;
જ્ઞાતીઓ ઘણી એકઠી થઈ, હોટલો મહી હોટલો મહીં.
હોટલો તણા હે પ્રતિનીધિ, ચાહ મહીં તમે કામણો કીધી;
બ્રાહ્મણો અને વાણીયા તણી, કુંભાર ગાંયજા જ્ઞાતીયો ઘણી.
પટેલ શ્રાવકો સુતાર સોનીઓ, બધાએ એકઠા ઉંગ છે કીયો;
એક પાટલી એક મેજમાં, ખાણું ખાય છે સહેજ સહેજમાં.
પાણીની પૂરી પતરવેલીયાં, વાસી જે હતાં તેને મેલીયાં.
ઘેર નાતમાં નાઠ બ્રાહ્મણો, હોટલો કરે અનર્થ તો ઘણો.
મુકટા અને જે પીતાંબરો, પહેરીને જતાં દૂર ક્યાં કરો;
એક ડોલમાં રકાબીઓ ઘણી, ધોઈ ધોઇને આપતા ઘણી;
બ્રહ્મતત્વને બ્રાહ્મણે મૂક્યું, વીશ્નુતત્વને વાણીયે ચુક્યું;
ઘેર ખાવને પૂરીયો તળી, કેમ હોટલો લાગી છે ગળી.
ડબલ દામને શીદને ખુવો, આંખ આપી છે જરા તમે જુઓ;
ધર્મ ભ્રષ્ટ તો હોટલે કર્યા, દામ સર્વ તો હોટલે હર્યા.
ઊંચ વર્ણમાં જન્મ આપીઓ, નીચ સોબતે શીદને પીઓ.

રાગ—મેમાન કરે મેમાની.

હોટલ હૈયાની નારી, મુકે કયમ તે વિસારી.
હોટલ તે હીંચકો ઘરનો, વળી પલંગ પ્યારા નરનો,
ચાની તો ત્યાં તૈયારી. હોટલ.
હોટલ છે ગુલાબ ફુલો, અંદર બેસીને ઝુલો,
વળી નાણાની ખુવારી. હોટલ.
હોટલનાં ખુરશી મેજો, શી આવે તેની લેજો,
બીસકુટ ચહા લાગે સારી. હોટલ.
હોટલમાં હૈયું હરખે, ગોલો સોનાને પરખે,
બેસે ઉઘાડી બારી હોટલ.
જેના પીતા ધનવાળા, તે દીકરા કરતા ચાળા,
જેમ ફરે ઘણી મંજારી. હોટલ.
આગળ ઉભા રહે દાસો, કેમ સાહેબ શું શું ખાશો,
જેવી ગુણકાની યારી. હોટલ.
સાહેબને માટે સોડા, પીવાના પહેરી જોડા,
સીદ ખુવો તમે ઘરબારી. હોટલ.
હોટલમાં હાજર ચીજો, પૈસા આપીને પીજો,
પીએ મોટા બ્રહ્મચારી. હોટલ.
હોટલ હૈયાનો હીરો, ઝડપે છે ઝાઝા વીરો,
જુગાર અને અહંકારી. હોટલ.
સમશાનેથી હોટલમાં, ચાહ પી લેવાનો પલમાં,
જુવે નહીં કાંઇ વીચારી. હોટલ.

(શંકર વસે કૈલાસમાં એ રાગ.)

પોતાને જોઇએ પાટલુનરે, વાસકોટ ઘડીયાળરે. પોતાને.
ક્ષઈના ખોખાપર જોઇએરે પહેરવાને ખમીસરે;
કુતરાની પેઠે કાંઠલો, ઉપર દેખાય શીષરે. પોતાને.
ખોટી દેખાય તેને પાઘડીરે, ટોપીમાં નહીં ભારરે:
સોટી તો હાથમાં જોઇએ, બબરચીના દેદારરે. પોતાને.
ચાલને ગારએ જોઇએરે, પીવા સારૂ ચીરૂટરે;
અક્કડ અક્કીબંધ લુગડાં, જોઇએ હોલબુટરે. પોતાને.

(રાગ—ઉપરનો).

ભણ્યાનો માલ અભાગુ ખાય.

અભણુને માટે એકઠુ રે, રળીને કીધું દામરે. અભણુ.
દરજી મોચી ને ગાંયજારે, તેને ચાલ્યો વહેપારરે:
વહાલી છે વોસીંગ કમ્પની, લુગડાની ધોનારરે. અભણુ.
સત્તર આનાનું લુંગડુ રે, સીવ્યાના આના સોળરે;
સોનાનાં ચસ્માં ચઢાવીયાં. એ છે કેવું એડોળરે, અભણુ.
મુડે દાઢી ત્રણ ટોપીરે, ડોસી સુરમાનો એકરે;
ચાર જાતે ચહેરો કરામતી, વાળ મુચ્યાનો નેકરે. અભણુ.
અરઘાજીએ હુવે ઘોળીઆરે, તેના આના છે ચારરે:
ખીસાં ખાલી કર્યાં ખંતથી, ખાલી ઉડાવી બહારરે. અભણુ.
ભણેલો પંદર પામતોરે, મળે અભણુને ત્રીશરે;
આવું દેખી ઘણી વાપતી, મારા મનમાં રીશરે; અભણુ.

હસી જોડા કર્યા દૂરતેરે, પહેરી સપાટ બૂટરે;
બુગડામાં લલચાઇને, ઉભો પીએ ચીરૂટરે. અભણુ.
કરમે કપાસીયાનું થયુંરે; ઘીને સાટે તો તેલરે;
મીઠાઇ ભેગું મેળવ્યું. આવે ખાંડમાં મેલરે. અભણુ.
શોખીન સેપરેટ દુધનારે. થયા શીની મઢી ભેગરે;
તેજ ચક્ષુનું ચાલીયું, ચાલ્યો ચશ્માંના વેગરે. અભણુ.

(રાગ ઉપરનો.)

કલીજુગનું પ્રમાણુ.

વાંકી પાંથી પાડી પ્રેમદારે, કળજુગનું પ્રમાણુરે. વાંકી.
વાંકી આંખોને વાંકું હીંડવુંરે, વક્ર બોલતાં ન વારરે;
વાંકે રસ્તે નાણું વેરવું, વાંકો સરવે સંસારરે. વાંકી,
વાંકી ચોળીને વાંકાં પોલકાંરે, વાંકી ઘાઘરાની ઘેરરે;
ગરબો વાંકો વળી ગાઇને. જોગ વાંકનો છે ફેરરે. વાંકી.
સીધી પાંથી નથી શોભતીરે, વાંકી પાંથી શાબાશરે:
ધીક્કાર છે ધુપેલને, આંબળાની શી વાસરે. વાંકી.
વાંકી વાંકી ગમે કાંસકીરે, અંબોડામાં હરરોજરે;
કેવો સપાટનો શોખ છે, વાંકું વઢવાની ખોજરે. વાંકી.
વાંકા વળી પાણી સીંચવુંરે, ઘણું થયું છે દૂરરે;
ઘંટી વાંકી વળી ખેંચવી, મજુરી ગઇ મજુરરે. વાંકી.
મોટા ચુડા નથી શોભતારે, નાની ચુડીની ચીપરે;
કાચ સોનાની બંગડી, દેખાય મારી સમીપરે, વાંકી.

અરધે માથે ઓઢવુંરે, એવા હજારો વાંકરે;
પ્રેમદાની બુદ્ધિ પામીએ, અને ગણાતી રાંકરે. વાંકી.
વશ્યાની ચાલે ચાલતીરે, વાંકી ચુંકી જે વાટરે;
જુતુ મારૂં જુના ઘાટને, કરાવી નવા ઘાટરે. વાંકી.

(રાગ ઉપરનો.)

જુના રીવાજ જડમૂળથીરે, નાંખ્યા ખોદીને દૂરરે. જુના.
નારીને જોઇએ પોલકુંરે, જોઇએ ઝીણાં વસ્ત્રરે;
દીલ બધું દેખાય છે, જેમાં જાળાં સહસ્રરે જુના.
પોલકાંથી પોતે પાતળીરે, મટી જાડી દેખાયરે;
દરજી મરજી સાચવી, પૈસા ફોલી ખાયરે. જુના.
જોઇએ ધોળા ધોળા ઘાઘરારે, હેઠળ ઝાઝી છે પ્લેટરે;
ધોબણનો વેશ ધરી લીધો, ડ્રેસ થયો ઓલરેટરે. જુના.
નાકે કાંટા નથી શોભતારે, ચુતી ચતુર સુજાણરે;
ગયાં કડલાં ને કાંબળી, કળીજુગનું પ્રમાણરે. જુના.
દરરોજ દવાની બાટલીરે, અને ચાનો જે કપરે;
ક્ષયરોગ ખતથી લાગીઓ, એનો બેડો છે ચપરે. જુના.
ઉંડા કુવા ને લાંબા દોરડાંરે, કર્યાં ચકલીએ ચુપરે;
એડે પાણી ઘેર આવતું, એવો ઇંગ્રેજ ભુપરે. જુના.
રાંડીરાંડોના રેંટીયારે, ખુણે ઊધઇઓ ખાયરે;
ઘંટીના પથ્થર કુટી ગયા, સંચે લોટ દળાયરે. જુના.
નારી ઉપર તમે નરહરીરે, કેવી કીધી છે મહેરરે;
તોએ કહે છે ઘણાં કામ તો, પડયાં છે મારે ઘેરરે. જુનાં.

ચીનાઈ સાડી ને ઝીક આપનીરે, બાંટ ખુણે સંતાયરે;
હાતણુ બીચારા શું કરે, જુસ મસી ઘસાયરે. જુનાં.
ઘેર ઘેર ગ્યાસલેટ વાપર્યુરે, લાગ્યુ દીવેલને દુખરે;
બીજા જેવા ડેસ રાખતીરે, પણ કાળુ છે મુખરે. જુના.
કાળીગોળી બનવાં જાયછેરે, કરી પાઉડરનો લેપરે;
સાબુથી સાફશુફ રાખતી, પણ ફર્યો મઢી મેપરે. જુના.

વાંઢાનો વિલાપ.

(આંખ વીના અંધારૂં રે—એ રાગ.)

નાર વીના ઘેર તાળું રે, સદાય મારે નાર વીના ઘેર તાળું;
ઊડકું લોટા હાથે, લાવું હું પાણી માથે;
મન બળે સ્ત્રીઓને ભાળું રે. સદાય.
સવારે હાથે રાંધું, ભાખરી સાંજે બાંધુ;
મન બળેને કરૂં વાળું રે. સદાય.
પળે પળે પ્રેમદાને, ઘડી ઘડી પ્રેમદાને;
સંભાળી ખાટલો ઢાળું રે સદાય.
ઘરમાં પલંગ ખાટા, ટેબલ ખુરશીને પાટા;
પાનાં વીનાનું જેન ડાળું રે. સદાય.
સ્વપ્નામાં પરણ્યો નારી, હોંસો પુરી થઈ મારી;
વીજળીનું એતો અજવાળું રે. સદાય.

એકલા ઘરમાં રહેવું, સૌ દુ:ખ મનમાં સેહેવું;
ઘંટી વીનાનું જેમ થાળુંરે. સદાય.

હે ઇશ્વ આપો નારી, આશા પુરોને મારી;
નહીં તો હીમાળે હાડ ગાળુંરે. સદાય.

હેડ ભંગીને નારી, ગુનેગારી શી મારી;
મનડાને મનમાં ધર્યું બાળુંરે. સદાય.

સોટી પણ કોને મારૂં, વરણું કોને શણગારૂં;
સોતીનું ઘર મેં નથી ભાળ્યુંરે. સદાય.

દાળ ચોખાનાં વેણો, વાંકા તો સોટા મેણા;
ચારણીએ લોટને ચાળુંરે. સદાય.

સુન્યકાર સૃષ્ટિમાં, હેડ ફુક્યો કસ્ટીમાં;
ઘરમાં નથી રંગીત સાળુંરે. સદાય.

સાળુની પહેરનારી, આભુષણુની માગનારી,
મારા ઘરને તેં કેમ ટાળ્યુંરે. સદાય.

સાબુને અત્તર ચોળુ, ગુલાબજળ દીસે રોળુ,
નારી વીના તો સુખ કાળુંરે. સદાય.

વીચારની બાજી છે બાંધી, કામદેવે કેડ બાંધી,
શું કરું! નાણુંને ઉછાળુંરે. સદાય.

નાર વીનાનો નર.

(હાજી વીનાનો લાડુ એ રાગ.)

ખીસો શોભે સાર વીના, જેમ ગધેડું ભાર વીના,
વહેપારી વહેપાર વીના. તેવો નર તો નાર વીના.
ઉદારપણું ઉદાર વીના, જારી નર જેમ જાર વીના;
માટી જેવી ગાર વીના. તેવો.
બ્રહ્મચારી બ્રહ્મચાર વીના, અધીકારી અધીકાર વીના;
સંસાર શૂન્ય પરીવાર વીના. તેવો.
જેમ ગુરૂજી હાર વીના, કરવું કામ વીચાર વીના;
જેવી યારી યાર વીના. તેવો.
પાઠ કરે પણ સાર વીના, બોલે પણ જે પાર વીના,
મોટું ઘર જે બાર વીના. તેવો.
ભેંસો ગાયો ચાર વીના, ઝાઝું ખાવું આહાર વીના;
લડવું પણ તરવાર વિના. તેવો.
ઝાઝું લડવું વહાર વીના, બસ્સો કુત્તાં ખાર વીના;
જેમ પડણી આર વીના. તેવો.
ભીખારી દાતાર વીના, તરંગો ગુનેગાર વીના;
આભુષણ દેદાર વીના. તેવો.
સાર સુખ સંસાર વીના, જમવું પણ કંસાર વીના;
ઉપર ઘીની ધાર વીના. તેવો.
ભામની ભરથાર વીના, નદી ઘાટ પરથાર વીના;
ઊતરવું પેલે પાર વીના. તેવો.

ઘોડો પણ ઘોડાર વીના, રોડું પણ પોકાર વીના;
રળતું લમ પોકાર વીના. તેવો.
ભજન કરે કરતાલ વીના, હલ્લું ગોળી બહાર વીના;
સોનુ પણ સોનાર વીના. તેવો.
કપડું પણ સીવનાર વીના, જેમ આયુષ્ય જીવનાર વીના;
ટાઢ પડે પણ ઠાર વીના. તેવો.
માટી પણ કુંભાર વીના, ગરીબ અંન જુવાર વીના;
બળદ બહ્લ ગવાર વીના. તેવો.
સુરજદેવ સવાર વીના, અહંકારી અહંકાર વીના;
ધનુષ્ય પણ ટંકાર વીના. તેવો.

(સેહેજાનંદ હરી—એ રાગ.)

જીવડો જાએ બળી, નારી વીણુ જીવડો જાએ બળી;
તોએ નારી ન મુજને મળી. નારી વીણુ.
પશુપક્ષીની નરનારીની જોડી, દેખી જઉં કળકળી;
સુનું ઘર મારૂં દીસે હમેશાં, જેમ નેવા વીના વળી. નારી.
ઘડપણમાં નારી જુવાન પરણ્યો, તોએ નારી બળી;
જોસ જુવાનીમાં ઝુરી ગયું, પછી આ કામના એ નળી. નારી.
આખરી કાચી પાકી બનાવું, હાથે લોટ દળી;
ભજીયાં ઉનાં મને કોણ ખવરાવે, કોણ આપે પુરી તળી; નારી.
હોટલમાં ચડાને બીડીઓ પીને, છાતી તો ગઇ બળી,
અડધું દીલ મહારૂં રહે છે હમેશાં, ના મળી પુતળી. નારી.

મરસીયા છંદ.

હાય હાય હું નારી વીના નર અભાગીઓ,
નારી વીના નર અભાગીઓ;
કર્મ ફુટયુંને થયો અભાગીઓ. હાય.
બાઇબંધો મહેણાં ખુબ દે છે, વાંઢો વાંઢો મને સઉ કહે છે;
મન બળી બળીને તો રહે છેરે. હાય.
જાણે પરણ્યો સ્વપ્નામાં હું નારી, આવો સ્વામી કહી બોલાવે પ્યારી;
જાગી જોઉં તો રાત અંધારીરે. હાય.
જઉં બારણે હું વાસીને તાળુ, ભુખે રહીને મહારી દેહ ગાળુ;
બળે મન બીજી નારીયોને ભાળૂંરે. હાય.
સમશાન સમાન ઘર દીસે, બળી મરૂં હું હું હરનીસે;
ભુખે સુઈ રહું રાસે ને રીસેરે. હાય.
મારી રીસને મનાવનારી ભામા, કેમ ઉંઘી ગયાં તમે રામા;
મને બેસાડો તમારી સામારે. હાય.
લેખ લખ્યો વીધાતા તેં કેવો, ચાખ્યો નહીં સંસારનો મેવો;
ખાધી રોટીને ખાધી નથી સેવોરે. હાય.
મારે હાથે ભરવું પડે પાણી, પણ દેતું નથી કોઇ મને શાણી;
શાંણી વીના જીવતર ધુળધાણીરે. હાય.
સાંજે હાથે કરવી પડે દસમી, મારી દશા થઇ છે આવી વસમી;
બળી દશાને બળી ખાવી દસમીરે. હાય.

અભીમાની અમલદાર અગર શેઠ.

રાગ ગઝલ કવાલીની ચાલ.

બળી આ નોકરી કરવી, અમલદારો થયા ગરવી, બ૦
સાળો સસરો કહીને ભાંડે, ગાળો દે નરવી. બ૦
ખરા કામે રાખે રોકી, આંખો નીરે ભરવી. બ૦
લહી લખાને લમણાં દુખે, માથે સુંડો ભરવી. બ૦
વીના કામે વીના સ્વાર્થે, બેસાડતો ગરવી. બ૦
ખરૂ કહેતા પડે ખોટું, સરીના શા રીતે તરવી. બ૦
સારો ઉદ્યમ એથી બીજો, વહેપારી દુકાનો કરવી. બ૦
હુંકારાથી તન બળે છે, બળી આ હાજરી ભરવી. બ૦
પોતે મોટા સુખમાં મહાલે, બીજાપર ક્રુરતા કરવી. બ૦
સ્વતંત્ર મુકયા હરીએ હમને, પરતંત્રતા કરવી. બ૦
વહોરા લોકો વહેપારી છે, સાબુને દીવાસળી કરવી. બ૦
કાચ લોઢુ ને કરીઆણુ, તુચ્છ નોકરી મળવી. બ૦
ચોર ચોરે મને ઠપકો, માંથા વટી હળવી. બ૦
ગુલામ તો સરકારે કાઢયા, ગુલામગીરી કરવી. બ૦
બીજો મારગ સુઝે નહિ કંઇ, તેથી દુષ્ટ નોકરી કરવી. બ૦
શેઠીયા જે મળે સારા, નો તો બધી જીંદગી હળવી. બ૦

સારા શેઠને હરામી નોકરો.

(રાગ—ઉપરનો).

હરામી નોકરો ભાળી, નાંખું હું જીંદગી બાળી. હ૦
ચોરીમાં ચોગડદમ પુરા, છુપાતા મુજને ભાળી. હ૦
દગલબાજને જુઠા બોલા, અંતરે દાનતો કાળી. હ૦
પ્રપંચી તો પુરેપુરા હાથોહાથ આપના તાળી. હ૦
એક બદલી બીજો રાખું, તોએ મેં શાન્તિ ના વાળી. હ૦
મલાર ખટને ખોટે મલાર, જોઉં હું તે નીહાળી. હ૦
હલાલ કરવું આખુ મુકી હરખાતો હરામનું ભાળી. હ૦

ખેતીમાં ચીત નહી રાખવાથી ફજેતી થાય છે.

સહીયારી ખેતી વીષે દ્રષ્ટાંત.

કવીત.

ઇહર રાજા નોબત વાગે વાગે, ઘેરી ઘેરીરે;
રણછોડ ગોર તો રહીને બોલ્યા ઉગમણી ભણી જઇયેરે;
મુળીયાવાળા ખેતર સારૂ ગોપાળદાસને કહીયેરે.

ગોપાળદાસ વળી ધાંટે બોલ્યા જઇને હળાં ઘાલોરે;
દસ રૂપીયાનું ભરતીઉ પણ આઠ હમને આલોરે.

આખુ વાવો તો આઠ આપો અરધુ વાવો તો ચારરે;
તેવાં વચન સાંભળીને હમે થયા તૈયારરે.
જઇને હળાં જોડીયાંને ખોતરા કાઢ્યા ચાસરે;
ખોરડીના બાંટવા ને મલી છે લીલો કાસરે.

દઈવ હવે તો કેમ થશે ને કેમ કરી રહેશે લાજરે;
વાકામાંતો પાંસરૂ પણ ગાયકવાડનું રાજરે.
પાકસું કે ન પાકયુ ત્યારે સરકાર આપણને દંડશેરે;
સારૂ કરીને ખેડીશું તો મહેનત આપણી મળશેરે.
સુદીયુ સારૂ પેર્યું ને પેરી મગને જારરે;
પુનમે તો પેરાંસુને બાંટે નીકળ્યું બહારરે.
સુદીયુ સારૂ કીધુ ને લીલી દીઠી કોઠયોરે;
પંખીડાને કારણે કાનોજી મેલ્યા ટોકયોરે.
કાનાજીને કામ ઘણેરૂ ફેરો એક ન ખાયરે:
ખેતર તો શુનુ પડયું ને લોક લુંટી જાયરે.
અરધુ ખાધું વાંદરે હુડા રગાડે લોકો;
સમરાંગો રવર્ગે ભમે ને તલપ મારે બાજરે.
ગાઉસ ગાસે ચાકરણો નાગ ઝાઝા ફરતારે;
અસુતરને સમજાણ ઘણી ચારે ખુણે ખાયરે.
નોળ કહે હુ નાખાવરી ને જે માગે તેને આપુરે;
ઉંદર કહે હું ધણનો ધણી થડથી રાડાં કાપુરે.
સીયાળો સેઢે ભમે ને તાણી નાખે છોડરે;
ઘડ તળે ઘેરો હતો તે ભાગી નાખે મોરરે.
દેવલીએ દેશ તડીયોને કાબર કહેવા જાયરે;
એક ઉડયું અળબુ રહ્યું ત્યાં હજાર ભેગા થાયરે.
શાંરસાં સીકોતરાં ને પીળકોડા છે પુરારે;
જાર મધળી ખઇ ગયા ને પડયાં મેલ્યાં ખુરારે.
સુવરીએ સુધરીયા બાંધ્યા ચાટી ખાધુ ચોરેરે;
ખાડે ખાધી પાંનડો ને ગડાં ખાધાં ઘોડેરે.
એક દીન જોવા આવીયો ને ફુટી એરકડ ધારારે;
પાસેથા પાડોસી નાડા કરે છે માર્યા માર્યા રેહ.

અરધુ ઢાંપ્યુ અરધુ વાઢ્યુ;
વાડામાં લાવ્યા ત્યારે, કોક દુસમને બાળ્યુરે.
ગોપાળદા તમે ધાટે બોલો, મહેર કરો મથુરરે;
સવદાભાઇ તમે સાયદી પુરો તેડુ કરો હજુરરે.

કજોડા વીશે.

(મોટી નારીના ધણીનો વીલાપ.)

(બનજારો છંદ.)

તુંતો સાંભળ મીત્રજ મહારા, મારા છુટી પડયા જનમારા;
નાનપણમાં પરણાવ્યો તાતે, ના જાણું પરણ્યાની વાતેરે;
માંથે મેલ્યા બહુ મણુના ભારા. મારા છુટી.

મને વર્ષ થયાં છે ચાર, નારીની ઉમ્મર અઢારરે;
બળ્યા બળ્યા હીંદુના ધારા. મારા છુટી.

મારી નારીનો ભભકો ભાળી, થાય લોકોની દાનત કાળીરે;
નાખે કાંકરા રસ્તે જનારા. મારા છુટી.

બાઇબંધો ખુબ હસે છે, મને નાનો નાનો સઉ કહે છેરે;
મોત બોળો જગત કરનારા. મારા છુટી.

સારાં સારાં ઔષધો હું ખાઉં, જાણુ એનાથી ઊંચો દેખાઉંરે;
પણ નથી આવતા વારા. મારા છુટી.

મારા ભણુતરમાં ભુલ નાંખી, મંત્રપુડે બાઝી જેમ માખીરે;
આવા લેખ વીધાત્રા તારા. મારા છુટી.

થઈ જોબનવંતી નારી, બાળ દશા દીસે છે મારીરે;
આના કરતાં સારા કુંવારા. મારા છુટી.
બાઇ ભૂગોળ વિદ્યા વાંચે, બાઈ ચૂલામાં અગ્નિ શાંચેરે;
કર્મ ફુટયું બાઇ ભણનારા. મારા છુટી.

નાના ધણીની નારનો વીલાપ.

(ચાબખો.)

જીવતર ગયું મારૂં બગડીરે, હેઅ આવી આતો સવડી.
સ્વામી મારાને ધીમે બોલાવું લેવાને મારી પાસ;
એકવેંત નીચો મારાથી એતો, શું કર્યું તેં અવિનાશરે. જીવતર.
બાળપણમાં નાનો સ્વામી, પરણાવ્યો મુજ સાથ;
સ્વામી નાનો ને બૈરી મોટી. મીલાવી દીધો હાથરે. જીવતર.
સઘળી સાહેલી સ્વામીની સાથે, ઉડાવે લીલા લેહેર;
મારો ધણી તો સંસારી રીતની, જાણે નહિ કંઈ પેરરે, જીવતર.
બીજા માણુસો કરે ઇશારા, કાંકરા નાંખવા જાયરે;"
સંસારી સુખ મેં દીઠું નથી મારા પેટમાં લાગે લહાયરે. જીવતર.
ધણી મારાને ઘણો સમજાવું પણ એ નાનું બાળ;
સાચવી રહીને શીખામણ દઊં તો ઉલટી દેછે ગાળરે. જીવતર.
નાના ધણીને જોઇને સૌ લોક હસતા રહે દીનરાત;
સાહેલી મારી કરે છે ઠેકડી, જાણે કરૂં આપઘાતરે. જીવતર.
શરમાઈને હુંતો ભોંયમાં પેસું, ભુમી દેતી નથી માગ;
કામ જોબનમાં વ્યાપી રહયો છે, લાગે છે દીલમાં આગરે. જીવતર.
ગળથુથીમાં વીખ ના દીધું, એવાં વેરી માબાપ;
ઘર જોયું પણ વર ના જોયો, વાગી જગતમાં છાપરે. જીવતર.
ઉંચી એડીના જોડા પહેરીને, જાણે હું ઊંચો થાઊં;
મારી આગળ તો રોફ બતાવે, મનમાં બળી બળી જાઊં. જીવતર

જગતના વેષધારી બાવાઓ.

(મરસીઆ છંદ.)

ભાઇ જોજો ઢોંગી જગતના બાવા, ઢોગી જગતના બાવા
લેવા માંડયા સંસારના લહાવારે ભાઇ.
માત. પીતા જેણે દીધાં છોડી, ઇશ્વર ભક્તિમાં મન દીધું જોડી;
પણ તેમાં કસર રહી થોડીરે, ભાઇ.
થયાં ભગવાં વસ્ત્ર પહેરી બાવા, લીધા તંબુરો ભજન ગાવા;
લાગ્યા રૂપૈયા તનથી કમાવારે. ભાઈ.
થયા ભગવાં વસ્ત્રે બ્રહ્મચારી, કાઢી લવ્યા ગૃહસ્થ કેરી નારી;
તેવા નરો રહ્યા ફાંફાં મારીરે. ભાઇ.
ચાર નારી બાવાને નવરાવે, ત્રણ નારી બાવાને ખવરાવે;
પાન સોપારી રસ પીવરાવેરે. ભાઈ.
પગ ચંપી બાવાની કરે પ્રીતે, નામ ભગવાનનુ મુકતું બીતે;
ભોગ કામો કરે બીતે બીતેરે. ભાઈ.
જુઓ જુઓ કળીના બાવા, લોકો આપે છે સારૂં સારૂં ખાવા;
શીદ પૂજો છો ઢોંગી આવારે. ભાઇ.
પોતે ડુબી બીજાને ડૂબાડો, આપી ભુખી બીજાને લગાડો;
શીદ સતી સ્ત્રીઓને બગાડોરે. ભાઇ.
નારી નરની ન રાખે માઝા, કરતી સ્વામીને દુઃખ ઝાઝા;
ખવરાવી રાખે બાવા તાજારે, ભાઇ.
વીસ ચાલી વર્ષોની ઘણી નારી, કોઇ સારી ને કોઈ નઠારી;
હરનીશ સેવે જાય બ્રહ્મચારીરે. ભાઇ.

આર્યબંધુઓને શીખામણ.

(હરી ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય છે—એ રાગ.)

દેશી મીત્રો સમજી રહો તો, શુખડાં હરનીશ થાશે;
નહીં સમજો તો ઢોંગી બાવા, સ્ત્રીઓ હરી લઇ જાશે. દેશી.
સ્વામીની સેવા નીત્ય કરવી, શીખામણ તેની ઉર ધરવી;
એમ ના ચાલે નારી ગરવી, દેશી.
સ્વામી છે જે ઘરના દેવા, માબાપે આપ્યા જે મેવા;
તેને તારે શું મુકી દેવા. દેશી.
સ્વામીની સાથે લડી બાઝી, બાવાને દેખી થતી રાજી;
હું પાએ નમું મારા બાવાજી. દેશી.
બસ હું તો ભજનમાં જાવાની, સેવા કરવાને બાવાની;
ભાડી રાંધુ અને નથી ખાવાની. દેશી.
મહારે તો થઇ છે કથા વેળા. ખાવાં હોય તો ખાજો કેળાં;
નહિ તો સાંજે થઇશું ભેળાં. દેશી.
આવી લત લાગી બાવાની, તારી પુછે ખબર નહિ ખાવાની;
નારી એ નીશ્ચે જાવાની. દેશી.
બાવાની થઇ એતો બાવી, ઘરમાંથી ધન ચોરી લાવી;
દેશી બંધુની દશા આવી. દેશી.
માબાપે આપ્યો જે સ્વામી, તેને લાગે તું નકામી;
બેલરી થાએ તેના સામી. દેશી.
બાવાની દેખીને દાઢી, લલચાઇ ગઈ મોટી લાડી;
બાવો કહે છે માડી માડી. દેશી.

દોહરો.

બાવાની બાવી થઇ, મુકી નીજ ભરથાર;
નાણું પણ લેતી ગઇ, છોડયાં ઘરને બાર.

રાંડેલી ઢોંગી ભક્તાણી.

(રંડાપા ભેગા મંડાપો ને વાડા ભેગા નાડા.)

(રાગ—રામા રામા બોલો મારા ભાઈરે.)

જુઓ જુઓ ભક્તાણી જપે માળારે, જપે માળારે
એના ચાળારે. જુવો.

હાથે માળા. ફરે આંખે ઈસારા કરે, ચીતે ઈસકના
ભિછાળારે, જુઓ.

ખાતરની ચાલે ચાલે, આડી ને અવળી મહાલે, આતું ખાતું
દેખી થાય જવાળારે. જુઓ.

જગમાં રંડાઈને, મનથી મંડાઈને, અત્તરે હોળ્યા,
નિમાળારે. જુઓ.

બેઠી સપાટ પગે, પાટલી ભોંય લગે, પોલકાં શોભે
રૂપાળાંરે. જુઓ.

આંખે તો સુરમો આંજે, સાબુથી મુખ માંજે, જુઓ જુઓ
ભક્તિવાળાંરે જુઓ.

ગંગાએ નાહી ધોઈ, ખસો અડશો ન કોઈ, રસ્તે રખડતા
ચાર ભાળ્યારે. જુઓ.

સોને સમજાવી, એવી એ ડાહી, ગંગાએ નાહી ધોઈ
બાળારે. જુઓ.

રાંધીશું રાતે ખાઈશું ખાંતે અત્યારે ઘેર જાઓ ચાલ્યારે,
જુઓ.

ઘેર આવીને બેઠી, તરત સેવામાં પેઠી, દેવ નવરાવી લીધી
માળારે. જુઓ.

આવે પાડોશી બાળ, મોઢેથી દેતી ગાળ, કેમ અડક્યું મને
સાળારે. જુઓ.

કરેલી માળા જાશે, ફરીથી નાતું થાશે, મરજ્યે જણનારી
તમ બાળારે. જુઓ.

ફરીથી નાહીને, માળાને લઈને, મનમાં ગમેલા રૂપાળારે.
જુઓ.

આંખેને કાંને ટીલાં, ગોપીચંદનના ખીલ્યાં, બેસ બડકે તેવાં
બાળ્યારે; જુઓ.

દાણ ઓરીને ચાલી, હાથે કોથળી ઝાલી, દરશને ચાલ્યાં
રૂપાળાંરે જુઓ.

આવાં દરશનમાં ભજે, પ્રભુ ક્યાંથી તો મળે, મનડાં છે
જેના કાળાંરે. જુઓ.

જમી પરવારી, નવરી થઈ નારી, જપને જોગીને નિહાળ્યારે.
જુઓ.

થાળ જમાડી ફરી, વાયુ ઉરાડે ફરી, પગ ચાંપતાં કરે
ચાળારે, જુઓ.

બાવાએ ચાળા ભાળી, દાંનત કીધી કાળી, મત ગભરાઇઓ
બાળારે. જુઓ.

બાવાને લીધા નહાવા, પહેલું આપીને ખાવા, કર્મ કરે છે
જુઓ કાળાંરે. જુઓ.

સાંજ પડી છે ખરી, પાછી ત્યાંથી તો ફરી; વહાલુંના
વાયદા સંભાળ્યારે; જુઓ.

પરમેશ્વર ભજવા મુકી, મનુષ્યા જનમે તું ચુકી, ધીક છે
વાયદાવાળારે, જુઓ.

પુર્વના પાપે રંડા, આ જનમે આવાં મંડ્યા, લક્ષચોરાશી
જનમ ગાળ્યારે, જુઓ.

ક્યારી મળને મુતરની, મનુષ્ય જનમના દરની, ચુકવ
દીન દયાળારે, જુઓ.

રાગ—મોરમ.

હાય હાયરે રાંડેલીના આ બળાપા, રાંડેલીના આ બળાપા;
તુટી પડીયા સીંધુ મહીં આપારે. હાય.
બાળપણુમાં રાંડેલી છે બાળા, અંતર કામાગ્ની અગનીનો જવાળા;
તેને જપતી ગમે કેમ આળારે. હાય.
જુના જુના હીંદુના રીવાજ્ને, રંડા ગર્ભો પાડે તમે લાજ્ને;
આના કરતાં પરણાવાને બાજ્નેરે હાય.
ગર્ભો પાડી પાડી દેહને ગાળે, માતપીતા અંતર તેને બાળે;
મરે ત્યારે તે નીરાંત વાળેરે. હાય.
આથી પુનરલગ્ન શું ખોટું, ગર્ભ અંદર બાળક મરે છોટું;
એથી બીજું શું છે દુષ્ટ મોટુંરે. હાય.
આવી ઘણી બાળાઓ રંડેલી, એતો અંતરથી રહે છે માંડેલી;
કેવી હીંદુ મીરીયાદાની ડેલીરે. હાય.
હીંદુશાસ્ત્રો કરનારા ક્યાં સુતા, વળગાડી ખોટાં ખોટાં ભુતાં;
આખો જનમારો મરાવો જુતાંરે. હાય.
કંઈક જાએ બીજા જન લઇ નાસી, કંઈની સુવાવડો થાય કાસી;
કળીકાળે તો ઘાલી છે ફાંસીરે. હાય.
આવી બાળાઓના આ બળાપા શાસ્ત્રકારો ઉપાડોને ઝાંપા;
પણ સો રઇ ગયા વાગી ખાંપારે હાય.
જોશી મહુરત કેવું જોવા માંડે, પરણ્યા પછી બારે મહીને રાંડે;
ચોકા મારો એ જોશીની ગાંડેરે. હાય.

જન્મ ધરીને સંસારમાં શું શીખ્યું ?

લેખક:—દલપતરામ ગૌરીશંકર નરવલા—જામનગર.

રાગ—માલ કોષ.

શું સાર શીખ્યા અવતરી. જો ચાર સાધન નાં સર્યાં,
ધન ધાન્યને દોલત ખજાના, ભૂમિમાં રહેશે ભર્યાં; શું સાર.

ધોળાં થયાં કાળાં ગયાં, પણ કૃત્ય કાળાં રહી ગયાં,
ધોળે પડી એ શુભ ધોળાં; કીર્તિ કામ નહિ કર્યાં; શું સાર.

દાદા કહ્યા દીકરાનું ભર્યાં, વળી દંડ કર માંડી ધર્યા,
એ કાર્ય વ્યર્થ કર્યાં કમંડલ, દંડ કરમાં ભેગું ફર્યાં. શું સાર.

હાડ ચામેથી ગળ્યાં, મેલ મૂત્રથી ભરેલાં,
હાંડલાં ન કર્યા કર્યા જો; ધર્મ ધોરણ પરહર્યાં; શું સાર.

પાવલાં પગમાં ધર્યાં, પરિધાન પિતાંબર ધર્યાં.
એ પાવલાં ન ધર્યાં ધર્યાં જો, જ્ઞાન ધ્યાન પરાં રહ્યાં. શું સાર.

નિજ ગેહમાં દીવા કર્યાં, ઘનઘોર અંધારાં ટળ્યાં;
ઘનઘોર એ ન ટળ્યાં ટળ્યાં જો, દેહ અંધારા રહ્યાં; શું સાર.

બહુ ખર્ચ કરીને સંચર્યાં, દેવાલયને ભૂમિ ફર્યાં;
ભૂમિ એ ન ફર્યાં ફર્યાં જો, બ્રહ્મભૂમિ નાં ફર્યાં; શું સાર.

બાગ ઉદ્યાને ગયા, મિષ્ટાન્ન ભોજનને ગળ્યાં,
એ ભોજનો ન ગળ્યાં ગળ્યાં જો, ગર્વ તંતુનાં ગળ્યાં; શું સાર.

દાઢ માડેથી ફરી, મુખ આરસી જોઈ રહ્યા,
મુખ જોઈને ન રહ્યા રહ્યા જો દયા દાન નયાં ગયાં. શું સાર.

તંબોલો મુખમાં ધર્યા હાથે અને ચૂરે કર્યા;
એ પાન રહેશે સૌ પડ્યાં, હીરા કણીથી જે ભર્યાં. શું સાર.

સમાપ્ત.